# સ્નાતક પછી અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ (B.Ed., BLISc., etc. સહિત)માં પ્રવેશ માટે GCAS પોર્ટલ પર અરજી કરવા અંગે વિદ્યાર્થીઓ માટેની માર્ગદર્શિકા

## અગત્યના મુદ્દાઓ:

1. ૧૫ સરકારી યુનિવર્સિટીઓ (યાદી વેબસાઇટ– https://GCAS.gujgov.edu.in/ પર ઉપલબ્ધ છે) તથા તેને સંલગ્ન સંસ્થા/કોલેજોના વિવિધ વિદ્યાશાખાઓનાં સ્નાતક, અનુસ્નાતક, સર્ટીફીકેટ, ડિપ્લોમા અને પીએચ.ડી. કક્ષાના પ્રોગ્રામ કે જેના પ્રવેશ કોઈ કાઉન્સીલ કે ACPC દ્વારા ન થતાં હોય તેવી વિદ્યાશાખાઓમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન GCAS પોર્ટલ ઉપર કરવાનું રહેશે.
2. રાજ્યની ૧૫–સરકારી યુનિવર્સિટીઓ અને તેને સંલગ્ન કૉલેજ–પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવા સંદર્ભે અરજી કરવા માટે GCAS પોર્ટલ મંચ પૂરું પાડે છે. પરંતુ જે વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ મારફત યુનિવર્સિટી–કૉલેજ–પ્રોગ્રામમાં પ્રવેશ માટે અરજી કરી હશે તેવા જ વિદ્યાર્થીઓ રાજ્યની ૧૫–સરકારી યુનિવર્સિટીઓના GCAS પોર્ટલ પર દર્શાવેલ કૉલેજ–પ્રોગ્રામમાં પ્રવેશ મેળવી શકશે.
3. GCAS પોર્ટલ પર અંગ્રેજી અને ગુજરાતી એમ બંને ભાષાઓમાં માહિતી ઉપલબ્ધ છે.
4. ૧૦+૨ના આધારે થતાં પ્રોગ્રામ, સ્નાતક કક્ષા બાદના પ્રોગ્રામ અને પીએચ.ડી માટેના ફોર્મ અલગ–અલગ રહેશે.
5. સ્નાતક કક્ષાના પ્રોગ્રામ, અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ અને પી.એચ.ડી એમ તમામ લેવલના પ્રોગ્રામ માટે અરજીથી માંડી પ્રવેશ સુધીનું સમયપત્રક અલગ–અલગ હશે.
6. વિદ્યાર્થી GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરી પોતે પસંદ કરેલ કૉલેજ–પ્રોગ્રામમાં સંબંધિત યુનિવર્સિટી/કૉલેજના પ્રવર્તમાન નિયમાનુસાર પ્રવેશ મેળવી શકશે.
7. વિદ્યાર્થીએ પોતાને લાગુ પડતા સમયપત્રકમાં દર્શાવેલ સમયમર્યાદામાં ફોર્મ ભરવું, એકેડેમીક માહિતી ભરવી, કોલેજોની પસંદગી કરવી, ફી ભરવી અને અરજી સબમિટ કરવા સુધીની તમામ કાર્યવાહી કરવી. ત્યારબાદ સમય પત્રક માં જણાવ્યા અનુસારના દિવસો દરમ્યાન પ્રોવિજનલ પ્રવેશ યાદી જોવી, ગ્રીવન્સ, જો કોઈ હોય તો, તે રજૂ કરવા અને તેનું નિવારણ મેળવવું, આખરી પ્રવેશ યાદી ચકાસવી, પોતાના GCAS લૉગિન માં મળેલ પ્રવેશ ઓફર ચકાસવી, કૉલેજ પર પ્રમાણપત્રોની ચકાસણી કરાવી ફી ભરી પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.
8. GCAS પોર્ટલ પર વિદ્યાર્થીએ નિયત સમયપત્રકને ચુસ્તપણે અનુસરવાનું રહેશે. આ સમયપત્રક મુજબ પોર્ટલ પર સંપૂર્ણ માહિતી ભરીને, રજિસ્ટ્રેશન ફી ભર્યા બાદ ફોર્મ સબમિટ કરવું અનિવાર્ય છે, અન્યથા તેમની અરજી પ્રવેશ માટે ધ્યાનમાં લેવાશે નહીં.
9. GCAS પોર્ટલ પર દર્શાવેલ માહિતીની સત્યતાની જવાબદારી માહિતી ભરનાર વિદ્યાર્થીની પોતાની છે. ખોટી માહિતી ભરવાથી અને ખોટા દસ્તાવેજો રજૂ કરવાથી વિદ્યાર્થી પ્રવેશથી વંચિત રહી જાય તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે. આથી વિદ્યાર્થીએ પોર્ટલ પર તમામ વિગતો ચીવટપૂર્વક ભરવી.

10. **GCAS પોર્ટલ પર એકવાર બેઝિક માહિતી, શૈક્ષણિક માહિતી, પ્રોગ્રામ–કૉલેજ–યુનિવર્સિટી વગેરેની વિગતો ભરી, ફોર્મ સબમીટ થઈ ગયા બાદ જો વિદ્યાર્થી આ માહિતીમાં કોઈ ફેરફાર કરવા માંગે તો તે ફેરફાર ફોર્મ ભરવાની અંતિમ તારીખ પહેલા કરી શકે છે, પરંતુ આવા કોઈ પણ ફેરફાર કર્યા બાદ દરેક વખતે ફોર્મ સબમિટ કરવું અનિવાર્ય છે. સબમિટ થયા વગરના ફોર્મ પ્રવેશ માટે ધ્યાને લેવાશે નહીં.**
11. જે વિદ્યાર્થીઓની માર્કશીટમાં માત્ર ગ્રેડ દર્શાવેલા હોય તેવા વિદ્યાર્થીઓએ સંલગ્ન બોર્ડ/યુનિવર્સિટીની માર્કશીટની સાથે માર્ક્સ/ટકાવારી દર્શાવતું સર્ટિફિકેટ (Conversion Certificate) અપલોડ અનિવાર્ય છે.
12. **GCAS પોર્ટલ મારફત અરજી કરવાની રજિસ્ટ્રેશન ફી (Payment) ₹300/– રહેશે. આ રજીસ્ટ્રેશન ફી ઓનલાઈન માધ્યમથી જ ચૂકવવાની રહેશે. એક વાર ફી ભરાઈ ગયા બાદ તે કોઈપણ સંજોગોમાં પરત મળવાપાત્ર રહેશે નહિ.**
13. વિદ્યાર્થીને GCAS પોર્ટલ પર ઓનલાઈન અરજી કરતી વખતે "Choice" પેજ પર પ્રોગ્રામ–કૉલેજ–યુનિવર્સિટી શોધવામાં કોઈ મુશ્કેલી જણાય તો તેઓ GCAS પોર્ટલના હોમપેજ https://GCAS.gujgov.edu.in/ પર આપેલ સર્ચબોક્ષનો ઉપયોગ કરીને તેમની પસંદગીના પ્રોગ્રામ–કૉલેજ–યુનિવર્સિટી શોધી શકે છે.
14. વિદ્યાર્થીને GCAS પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરવામાં જો કોઈ મુશ્કેલી જણાય તો પોર્ટલ પર દર્શાવેલ હેલ્પ સેન્ટરની રૂબરૂ મુલાકાત લઈ મદદ મેળવી શકશે. આ હેલ્પ સેન્ટર પર વિદ્યાર્થીએ પોતાના ફોર્મ સાથેના જોડેલ ડોક્યુમેન્ટ્સનું વેરિફિકેશન કરાવવાનું નથી.
15. જે યુનિવર્સિટી–કૉલેજ–પ્રોગ્રામમાં વિદ્યાર્થીને પ્રવેશ મળતો હોય તેવી યુનિવર્સિટી–કૉલેજમાં રૂબરૂ જઈ વિદ્યાર્થીએ નિયત સમયમર્યાદામાં રિપોર્ટિંગ કરાવવાનું રહેશે અને પોતાના રજિસ્ટર્ડ મોબાઈલ અને ઈમેલ પર આપવામાં આવેલ OTP યુનિવર્સિટી/કૉલેજના સત્તાવાળાને આપી જે તે પ્રોગ્રામમાં પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. જો વિદ્યાર્થી ઓફર લેટર મળ્યા બાદ નિયત સમયમર્યાદામાં જે તે યુનિવર્સિટી/કૉલેજમાં પોતાનો પ્રવેશ કન્ફર્મ નહીં કરાવે તો સંબંધિત યુનિવર્સિટી/કૉલેજમાં તેનો પ્રવેશ–અધિકાર રહેશે નહીં.
16. યુનિવર્સિટી/કૉલેજમાં રિપોર્ટિંગ વખતે વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર અપલોડ કરેલ પોતાના તમામ અસલ દસ્તાવેજોની ચકાસણી કૉલેજ/યુનિવર્સિટી ખાતે કરાવવાની રહેશે.
17. કોઈ પણ એક યુનિવર્સિટી–કૉલેજ–પ્રોગ્રામમાં એકવાર પ્રવેશ કન્ફર્મ કરવા OTP દ્વારા રીપોર્ટીંગ કર્યા બાદ વિદ્યાર્થીનું આગળની પ્રવેશપ્રક્રિયામાંથી નામ કમી કરવામાં આવશે. આથી વિદ્યાર્થીએ બરાબર સમજી–વિચારીને જ જે તે યુનિવર્સિટી–કૉલેજ–પ્રોગ્રામમાં પ્રવેશ કન્ફર્મ કરાવવો.
18. વિદ્યાર્થી ખરેખર જે યુનિવર્સિટી–પ્રોગ્રામમાં પ્રવેશ મેળવવા માગતા હોય તેટલા જ યુનિવર્સિટી–પ્રોગ્રામની પસંદગી કરવી. આવી પસંદગી કરતી વખતે સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં મેળવેલ ટકાવારી ખાસ ધ્યાને લેવી.
19. જે તે યુનિવર્સિટી/કૉલેજની વેબસાઈટ પર દર્શાવવામાં આવેલ જુદા જુદા પ્રોગ્રામ્સની લાયકાતના નિયમો ધ્યાનમાં લઈને જ વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી–પ્રોગ્રામ્સની પસંદગી કરવી.
20. GCAS પોર્ટલ મારફત એક જ અરજી દ્વારા વિદ્યાર્થી એક કરતાં વધુ યુનિવર્સિટી–કૉલેજ–પ્રોગ્રામ પસંદ કરી શકશે. પરંતુ એક અરજી મારફત વિદ્યાર્થી કોઈપણ એક જ યુનિવર્સિટી–કૉલેજ–પ્રોગ્રામમાં પ્રવેશ મેળવી શકશે.

GCAS વિદ્યાર્થીઓ માટેની માર્ગદર્શિકા

21. જે પ્રોગ્રામ્સમાં ACPC કે અન્ય કોઈ કાઉન્સિલ દ્વારા પ્રવેશ નિર્ધારિત કરવામાં આવતા હોય તેવા પ્રોગ્રામ્સમાં પ્રવેશ મેળવવા માટે GCAS પોર્ટલ મારફત અરજી કરવાની રહેતી નથી.

22. **અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામમાં અભ્યાસ માટે જે યુનિવર્સિટી/કૉલેજની પસંદગી કરેલ હોય તે યુનિવર્સિટી/કૉલેજની વેબસાઈટ પ્રેફરન્સ ફીલિંગ અને પ્રવેશ પરીક્ષા/ઈન્ટરવ્યુની જાણ માટે નિયમિત રીતે જોવા માટે સલાહ આપવામાં આવે છે. પ્રેફરન્સ ફીલિંગ અને પ્રવેશ પરીક્ષા/ઈન્ટરવ્યુની જાણ સંબંધિત યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને સીધી પૂરી પાડવામાં આવશે.**

## પ્રવેશનો પ્રથમ રાઉન્ડ

1. **અરજી પ્રક્રિયા**

a) વિદ્યાર્થીઓ માટે અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન તા. ૦૧–૦૪–૨૦૨૪થી શરૂ થયેલ છે. વિદ્યાર્થી Course Type/અભ્યાસક્રમનો પ્રકાર, Applicant Name/અરજદારનું નામ, Birth Date/જન્મ તારીખ, Category/કેટેગરી, Gender/જાતિ, Email/ઈમેલ અને Mobile No./મોબાઈલ નંબર આપી રજિસ્ટ્રેશન કરી શકશે તથા બેઝીક પ્રોફાઈલ (Profile)ની માહિતી ભરી શકશે. સૌપ્રથમ વિદ્યાર્થીએ બેઝિક વિગતો ભરીને રજિસ્ટ્રેશન કરવું.

b) વિદ્યાર્થીઓએ લાયકી પરીક્ષાનું પરીણામ આવ્યા બાદ એટલે કે સ્નાતક કક્ષાના કોર્સ માટે ધોરણ–૧૨, અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ માટે સ્નાતકના છેલ્લા સેમેસ્ટરનું અને પી.એચ.ડી માટે જુન–જુલાઈ માસમાં લેવાનાર નેટ (NET) પરીક્ષાના પરીણામ બાદ શૈક્ષણિક (Academic) માહિતી, કોલેજોની પસંદગી, જરૂરી આધારો અપલોડ કરવા, ફી ભરવી વગેરે કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

c) વિદ્યાર્થીઓએ લાયકી પરીક્ષાના પરીણામમાં ગ્રેડ/CGPA દર્શાવવામાં આવ્યા હોય તો જે–તે વિદ્યાર્થીએ લાયકી પરીક્ષાના પરિણામ સાથે તેને સંબંધિત વિષયમાં મળેલ ગુણ અને તેની ટકાવારીનું સંબંધિત બોર્ડ/યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ પત્રક (Conversion Certificate) ફરજિયાતપણે બિડાણ કરવાનું રહેશે.

d) વિદ્યાર્થીઓએ સમયમર્યાદામાં એપ્લીકેશનને સબમિટ કરવી.

નોંધ: એક વખત અરજી સબમિટ થઈ ગયા બાદ વિદ્યાર્થીને જો કોઈ ભૂલ જણાય તો તેઓ અરજી કરવાના છેલ્લા દિવસ સુધી અરજીને ઓપન કરી અરજી સુધારી શકશે. પરંતુ અરજી ફરી ઓપન કર્યા બાદ સબમિટ કરવી જરૂરી છે. એવી અરજીઓ કે જે સબમિટ નથી કરવામાં આવી, તેને પ્રવેશ માટે ધ્યાન પર લેવામાં નહીં આવે.

e) **પ્રેફરન્સ ફિલિંગ (ફક્ત જ્યાં સેન્ટ્રલાઈઝ્ડ પ્રવેશ પ્રક્રિયા થાય છે તેવી યુનિવર્સિટી સંલગ્ન ભવન/કૉલેજ પસંદ કરેલ હોય તેમને માટે) અને/અથવા પ્રવેશ પરીક્ષા/ઈન્ટરવ્યુ (ફક્ત જે અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં પ્રવેશ પરીક્ષા/ઈન્ટરવ્યુની પ્રક્રિયા પછી પ્રવેશ આપવામાં આવે છે તેમને માટે) :**

અરજી કરવાની છેલ્લી તારીખ બાદ જે વિદ્યાર્થીઓએ જ્યાં સેન્ટ્રલાઈઝ્ડ પ્રવેશ પ્રક્રિયા થાય છે તેવી યુનિવર્સિટી સંલગ્ન ભવન/કૉલેજ પસંદ કરેલ હોય તેમણે જે તે યુનિવર્સિટીની સૂચના મુજબ જે તે યુનિવર્સિટીના પોર્ટલ પર પસંદ કરેલ ભવન/કોલેજોને પોતાની પસંદગી મુજબનો અગ્રતાક્રમ આપવાનો રહેશે. વિદ્યાર્થીઓને પ્રેફરન્સ ફિલિંગની સૂચના સંબંધિત યુનિવર્સિટી દ્વારા સીધી પૂરી પાડવામાં આવશે. વધુમાં, જે યુનિવર્સિટીઓ સંબંધિત અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં પ્રવેશ પરીક્ષા/ઈન્ટરવ્યુની પ્રક્રિયા બાદ પ્રવેશ આપતી હોત તે કિસ્સામાં સંબંધિત યુનિવર્સિટીની સુચના મુજબ પ્રવેશ પરીક્ષા/ઈન્ટરવ્યુની પ્રક્રિયા કરવાની રહેશે. વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષા/ઈન્ટરવ્યુની માહિતી સંબંધિત યુનિવર્સિટી દ્વારા સીધી પૂરી પાડવામાં આવશે.

**2. પ્રોવિઝનલ પ્રવેશયાદી:**

અરજી કરવાની છેલ્લી તારીખ બાદ સમયપત્રકમાં જણાવ્યા અનુસાર યુનિવર્સિટી/કોલેજો દ્વારા પ્રોવિઝનલ પ્રવેશયાદી જાહેર કરવામાં આવશે. જે વિદ્યાર્થી GCAS પોર્ટલ પર લૉગિન થઇ તેણે જે યુનિવર્સિટી/કૉલેજ/પ્રોગ્રામ પ્રવેશફોર્મમાં પસંદ કરેલ હશે તે તમામ માટે પ્રોવિઝનલ પ્રવેશયાદી જોઈ શકશે.

**3. વિદ્યાર્થી દ્વારા ગ્રિવન્સ:**

પ્રોવિઝનલ પ્રવેશયાદી જાહેર થયા બાદ સમયપત્રકમાં જણાવ્યા અનુસાર પ્રોવિઝનલ પ્રવેશયાદી સંબંધિત જો કોઈ વાંધો હોય તો વિદ્યાર્થી જે તે યુનિવર્સિટી/કૉલેજને ગ્રિવન્સ આપી ત્યાંથી ઉકેલ મેળવી શકશે.

**4. ફાઈનલ પ્રવેશયાદી:**

પ્રોવિઝનલ પ્રવેશયાદી સંબંધિત જો કોઇ ગ્રિવન્સ મળેલ હોય તો તેના નિકાલ બાદ યુનિવર્સિટી/કૉલેજ દ્વારા પોતાની યુનિવર્સિટી/કૉલેજની ફાઇનલ પ્રવેશયાદી જાહેર કરવામાં આવશે.

**5. વિદ્યાર્થી દ્વારા OTP મારફત રિપોર્ટિંગ:**

જે તે પ્રોગ્રામ માટેની ઈન્ટેકને આધારે પ્રવેશ માટે ફાઇનલ થયેલ વિદ્યાર્થીઓને ઓનલાઇન પ્રવેશ ઑફર આપવામાં આવશે. વિદ્યાર્થી GCAS પોર્ટલ પર લૉગિન થઇ તેને જેટલી યુનિવર્સિટી/કૉલેજમાંથી જેટલા પ્રોગ્રામ માટે ઑફર આપવામાં આવેલ હશે તે તમામ ઑફર જોઇ શકશે. વિદ્યાર્થીએ આપેલ પ્રેફરેન્સ માંથી કોઈપણ એક યુનિવર્સિટી/કૉલેજમાં પોતાની પસંદગીની કોઈ એક યુનિવર્સિટી/કૉલેજનો પ્રવેશ ઓફર લેટર ડાઉનલોડ કરી જે તે યુનિવર્સિટી/કૉલેજ પર રિપોર્ટિંગ કરી પ્રવેશ કન્ફર્મ કરાવી શકશે. પ્રવેશ કન્ફર્મ કરતી વખતે વિદ્યાર્થીના રજિસ્ટર્ડ મોબાઈલ-ઈમેલ પર ઓ.ટી.પી. જનરેટ થશે જે વિદ્યાર્થીએ જે-તે યુનિવર્સિટી/કૉલેજને આપવાનો રહેશે.

**નોંધ:** પ્રથમ રાઉન્ડમાં જે વિદ્યાર્થીને પોતાની પસંદગીની યુનિવર્સિટી/કૉલેજમાં પ્રવેશ મળતો હોય અને તે વિદ્યાર્થીએ તેમાં પોતાનો પ્રવેશ કન્ફર્મ ન કરાવ્યો હોય તો તેવા સંજોગોમાં તે વિદ્યાર્થી હવે પછી સંબંધિત યુનિવર્સિટી/કૉલેજમાં પ્રવેશ મેળવી શકશે નહીં.

GCAS વિદ્યાર્થીઓ માટેની માર્ગદર્શિકા

# પ્રવેશનો દ્વિતીય રાઉન્ડ

1. આ રાઉન્ડમાં માત્ર એવા વિદ્યાર્થીઓને પ્રવેશ માટે લાયક ગણવામાં આવશે કે જેઓએ GCAS પોર્ટલ પર પ્રવેશ માટે ઓનલાઈન અરજી સબમિટ કરેલ હોય અને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મેળવેલ નથી. એટલે કે વિદ્યાર્થીએ કોઈપણ યુનિવર્સિટી/કૉલેજમાં પ્રવેશ કન્ફર્મ કરેલ નથી અથવા તો તેને કોઈપણ યુનિવર્સિટી/કૉલેજમાં પ્રવેશ ફાળવવામાં આવેલ નથી.

2. **અપડેટેડ પ્રવેશયાદી:**
પ્રથમ રાઉન્ડ પૂર્ણ થયા બાદ યુનિવર્સિટી/કૉલેજ દ્વારા પ્રથમ રાઉન્ડ બાદ ખાલી રહેલ જગ્યા પર અપડેટેડ પ્રવેશયાદી જાહેર કરવામાં આવશે.

3. **વિદ્યાર્થી દ્વારા OTP મારફત રિપોર્ટિંગ:**
અપડેટેડ પ્રવેશયાદી જાહેર થયા બાદ યુનિવર્સિટી/કોલેજોની ફાઈનલ પ્રવેશ ઓફર વિદ્યાર્થીને તેના GCAS ડેશબોર્ડમાં દર્શાવવામાં આવશે. વિદ્યાર્થી પોતાની પસંદગીની કોઈ એક યુનિવર્સિટી/કૉલેજનો પ્રવેશ ઓફર લેટર ડાઉનલોડ કરી જે તે યુનિવર્સિટી/કૉલેજ પર રિપોર્ટિંગ કરી પ્રવેશ કન્ફર્મ કરાવી શકશે. પ્રવેશ કન્ફર્મ કરતી વખતે વિદ્યાર્થીના રજિસ્ટર્ડ મોબાઈલ અને ઈમેલ પર ઓ.ટી.પી. જનરેટ થશે જે વિદ્યાર્થીએ જે–તે યુનિવર્સિટી/કૉલેજને આપવાનો રહેશે.

**********

GCAS વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શિકા

# GCAS પોર્ટલ મારફત B.Ed., BLISc., etc. સહિતના અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં પ્રવેશ પરીક્ષા/ઈન્ટરવ્યુ વિના પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ અનુસરવાના પગલા

નીચે દર્શાવેલ યુનિવર્સિટીઓ સંલગ્ન કૉલેજો/ભવનો માટે

(Bhakta Kavi Narsinh Mehta University; Children's University; Gujarat University, Ahmedabad; Gujarat Technological University; Hemchandracharya North Gujarat University; Indian Institute of Teacher Education; Krantiguru Shyamji Krishn Verma Kachchh University; Maharaja Krishnakumarsinhji Bhavnagar University; S. P. University, Vallabh Viddhyanagar; Saurashtra University; Shree Somnath Sanskrit University; Shri Govind Guru University & Veer Narmad South Gujarat University)

જ્યાં B.Ed., BLISc. વગેરે સહિત કોઈપણ/તમામ **અનુસ્નાતક** પ્રોગ્રામ્સમાં પ્રવેશ પરીક્ષા/ઈન્ટરવ્યુ વિના પ્રવેશ આપવામાં આવે છે.

## Round 1

| Days | Step | Process |
|---|---|---|
| **21-05-2024 to 03-06-2024** | **STEP 1** | રજિસ્ટ્રેશન કરવું, શૈક્ષણિક માહિતી ભરવી, કોલેજોની પસંદગી, રજિસ્ટ્રેશન ફી ભરવી અને GCAS પોર્ટલ પર અરજી સબમિટ કરવી. |
| **06-06-2024 to 13-06-2024** | **STEP 2** | યુનિવર્સિટીના પોર્ટલ પર કોલેજોને **અગ્રતાક્રમ (પ્રેફરન્સ)** આપવો. **(જો લાગુ હોય તો)** (ફક્ત એવા પ્રોગ્રામ્સ-યુનિવર્સિટીઓ માટે જ લાગુ પડે છે જ્યાં યુનિવર્સિટીઓ દ્વારા કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયા દ્વારા પ્રવેશ આપવામાં આવે છે. આવી યુનિવર્સિટીઓ તેના માટેની તારીખો અને અન્ય માર્ગદર્શિકા જાહેર કરશે અને વિદ્યાર્થીઓને જાણ કરશે.) |
| **14-06-2024 to 15-06-2024** | **STEP 3** | GCAS પોર્ટલ પર કામચલાઉ પ્રવેશ યાદી ચકાસવી. જો કોઈ ગ્રીવન્સ હોય તો યુનિવર્સિટી/કૉલેજ ખાતે નોંધાવવી. |
| **18-06-2024 to 19-06-2024** | **STEP 4** | GCAS પોર્ટલ પર ફાઇનલ પ્રવેશ યાદી ચકાસવી. |
| **20-06-2024 to 28-06-2024** | **STEP 5** | ઓફર લેટરની પ્રિન્ટ લેવી, પ્રવેશ માટે જે તે યુનિવર્સિટી/કૉલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોનો એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું, યુનિવર્સિટી/કૉલેજ ખાતે ફી ભરી OTP દ્વારા પ્રવેશ કન્ફર્મ કરવો. |

## Round 2 (જો Round-1માં પ્રવેશ કન્ફર્મ ના થયો હોત તો)

| Days | Step | Process |
|---|---|---|
| **02-07-2024 to 03-07-2024** | **STEP 1** | GCAS પોર્ટલ પર નવી પ્રવેશ યાદી ચકાસવી. |
| **04-07-2024 to 06-07-2024** | **STEP 2** | ઓફર લેટરની પ્રિન્ટ લેવી, પ્રવેશ માટે જે તે યુનિવર્સિટી/કૉલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોનો એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું, યુનિવર્સિટી/કૉલેજ ખાતે ફી ભરી OTP દ્વારા પ્રવેશ કન્ફર્મ કરવો. |

**********

# GCAS પોર્ટલ મારફત B.Ed., BLISc., etc. સહિતના અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સમાં પ્રવેશ પરીક્ષા/ઈન્ટરવ્યુની પ્રક્રિયા પછી પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ અનુસરવાના પગલા

નીચે દર્શાવેલ યુનિવર્સિટીઓ સંલગ્ન કૉલેજો/ભવનો માટે

(Bhakta Kavi Narsinh Mehta University; Hemchandracharya North Gujarat University; Indian Institute of Teacher Education; Saurashtra University & Veer Narmad South Gujarat University)

જ્યાં B.Ed., BLISc. વગેરે સહિત કોઈપણ/તમામ **અનુસ્નાતક** પ્રોગ્રામ્સમાં પ્રવેશ પરીક્ષા/ઈન્ટરવ્યુની પ્રક્રિયા પછી પ્રવેશ આપવામાં આવે છે.

| Round 1 | | |
|---|---|---|
| **Days** | **Step** | **Process** |
| **21-05-2024 to 03-06-2024** | **STEP 1** | રજિસ્ટ્રેશન કરવું, શૈક્ષણિક માહિતી ભરવી, કોલેજોની પસંદગી, રજિસ્ટ્રેશન ફી ભરવી અને GCAS પોર્ટલ પર અરજી સબમિટ કરવી. |
| **06-06-2024 to 19-06-2024** | **STEP 2** | • યુનિવર્સિટીના પોર્ટલ પર કોલેજોને **અગ્રતાક્રમ (પ્રેફરન્સ)** આપવો. **(જો લાગુ હોય તો)** (ફક્ત એવા પ્રોગ્રામ્સ-યુનિવર્સિટીઓ માટે જ લાગુ પડે છે જ્યાં યુનિવર્સિટીઓ દ્વારા કેન્દ્રિય પ્રવેશ પ્રક્રિયા દ્વારા પ્રવેશ આપવામાં આવે છે. આવી યુનિવર્સિટીઓ તેના માટેની તારીખો અને અન્ય માર્ગદર્શિકા જાહેર કરશે અને વિદ્યાર્થીઓને જાણ કરશે.)<br>• અગ્રતાક્રમ (પ્રેફરન્સ) આપ્યા પછી, **પ્રવેશ પ્રક્રિયા/ઈન્ટરવ્યુની વિગતો ચકાસવી.** (યુનિવર્સિટીઓ તેના માટેની તારીખો અને અન્ય માર્ગદર્શિકા જાહેર કરશે અને વિદ્યાર્થીઓને જાણ કરશે.) |
| **20-06-2024 to 21-06-2024** | **STEP 3** | GCAS પોર્ટલ પર કામચલાઉ પ્રવેશ યાદી ચકાસવી.<br>જો કોઈ ગ્રીવન્સ હોય તો યુનિવર્સિટી/કૉલેજ ખાતે નોંધાવવી. |
| **24-06-2024 to 25-06-2024** | **STEP 4** | GCAS પોર્ટલ પર ફાઈનલ પ્રવેશ યાદી ચકાસવી. |
| **26-06-2024 to 03-07-2024** | **STEP 5** | ઓફર લેટરની પ્રિન્ટ લેવી, પ્રવેશ માટે જે તે યુનિવર્સિટી/કૉલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોનો એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું, યુનિવર્સિટી/કૉલેજ ખાતે ફી ભરી OTP દ્વારા પ્રવેશ કન્ફર્મ કરવો. |
| **Round 2 (જો Round-1માં પ્રવેશ કન્ફર્મ ના થયો હોત તો)** | | |
| **06-07-2024 to 07-07-2024** | **STEP 1** | GCAS પોર્ટલ પર નવી પ્રવેશ યાદી ચકાસવી. |
| **08-07-2024 to 11-07-2024** | **STEP 2** | ઓફર લેટરની પ્રિન્ટ લેવી, પ્રવેશ માટે જે તે યુનિવર્સિટી/કૉલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોનો એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું, યુનિવર્સિટી/કૉલેજ ખાતે ફી ભરી OTP દ્વારા પ્રવેશ કન્ફર્મ કરવો. |

**********